ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૧૫.૯ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૫ ટકા

ગાંધીનગર તાપમાન

# ‘હેપ્પી સ્પેરો વિક’થી તમારાં આંગણે ચકલીનો ચીં ચીં કલરવ ફરી ગુંજશે

## વિશ્વ ચકલી દિન નિમિત્તે હેપ્પી યુથ ક્લબ ‘હેપ્પી સ્પેરો વીક’ ઉજવશે : ત્રણ હજાર કરતા વધુ ‘ચકલી-ઘર’નું વિતરણ કરાશે : શહેરમાં વિવિધ સ્થળે સમગ્ર ઉનાળા દરમ્યાન નિયમિત જળ સિંચનની વ્યવસ્થા સાથે ૨૫૦ માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરાશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં પણ સતત ત્રીજા વર્ષે હેપ્પી યૂથ ક્લબ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ‘હેપ્પી સ્પેરો વીક’નું આયોજન કરવામાં આવ્યું છે. હેપ્પી સ્પેરો વીકનો પ્રારંભ તા. ૧૯મી માર્ચથી થશે જે તા. ૨૭મી માર્ચ સુધી ઉજવાશે જેમાં શહેરમાં આશરે ૩ હજાર કરતા વધુ હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંકુલમાં તથા જાહેર સ્થળો ખાતે સમગ્ર ઉનાળાના સમય દરમ્યાન નિયમિત જળ સિંચન થાય તેવી વ્યવસ્થા સાથે આશરે ૨૫૦ જેટલી માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે તારીખ ૨૦મી માર્ચના રોજ સમગ્ર દેશમાં પર્યાવરણ પ્રેમીઓ તથા પક્ષીપ્રેમીઓ સહિત જીવદયા પ્રેમીઓ દ્વારા “વિશ્વ ચકલી દિવસ”ની ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગરની કુદરતી વનરાજીમાં વસતાં ચકલી, કાબર, મેના, પોપટ જેવા અને નાના કદના પક્ષીઓ ઉનાળાની ગરમીમાં પાણી વિના ટળવળી મોતને ભેટતાં અટકે અને તેમનું સંવર્ધન થાય તે હેતુથી હેપ્પી યૂથ ક્લબ દ્વારા ‘હેપ્પી સ્પેરો વીક’નું આયોજન કરવામાં આવે છે.

‘હેપ્પી સ્પેરો વીક’ના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર રાજુભાઈ મકવાણાએ જણાવ્યુ છે કે ‘આશરે આઠ વર્ષ પૂર્વે તેમના ઘરેમાળો બનાવવા કાર્યરત એક ચકલી અકસ્માતે પંખામાં આવી જતાં કરૂણ મોતને ભેટી હતી. આ ઘટનાએ મારા હૃદયને હચમચાવી મૂક્યું હતું ત્યારથી મે નક્કી કર્યું હતું કે હું ચકલી કે તેના જેવા નાના કદના પંખીઓના સલામત વસવાટ માટે મારાથી બનતા પ્રયત્નો કરીશ. બસ ત્યારથી હું દર વર્ષે વિશ્વ ચકલી દિવસે ‘ચકલી-ઘર’નું વિના મૂલ્યે વિતરણ કરું છુ. છેલ્લા ત્રણ વર્ષથી હું હેપ્પી યૂથ ક્લબ સાથે જોડાઈને અમે આખું ‘હેપ્પી સ્પેરો વીક’ ઉજવીએ છીએ જેનો મને અત્યંત આનંદ છે. હેપ્પી યૂથ ક્લબ ગાંધીનગરમાં પર્યાવરણની જાગૃતિ અંગે કાર્યરત છે અને ‘હેપ્પી સ્પેરો વીક’ દ્વારા માત્ર ચકલી-ઘરનું વિતરણ જ નથી કરતું બલ્કે ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે પીવાના પાણીની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે જે ઉમદા અને પ્રસંશનીય કાર્ય છે. ‘હેપ્પી સ્પેરો વિક’ દરમ્યાન હેપ્પી યુથ ક્લબ દ્વારા શહેરમાં આશરે ૩ હજાર કરતા વધુ હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે તેમજ સ્વયંસેવકોની ટીમો બનાવી શહેરના વિવિધ શૈક્ષણિક સંકુલો તથા કેટલાક જાહેર સ્થળો ખાતે આવનાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાય તે હેતુથી ૨૫૦ જેટલી પક્ષી પરબ (માટીના કુંડા)નું સ્થાપન કરવામાં આવશે તેમજ તેમાં નિયમિત જળવ્યવસ્થાપનની કાળજી લેવાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.’’

### હેપ્પી ચકલી ઘરનું વિતરણ ક્યાં અને ક્યારે?

| વિતરણ સમય | : સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ સુધી |
|---|---|
| તા.૧૯મી માર્ચ, મંગળવાર | : શ્રી બલરામ મંદિર આગળ, સેક્ટર-૧૨ |
| તા.૨૦મી માર્ચ, બુધવાર | : પાટનગર યોજના ભવન સામે, સેક્ટર-૧૬ |
| તા.૨૨મી માર્ચ, શુક્રવાર | : અત્રીય કોમ્લેક્ષ આગળ, સરગાસણ ચાર રસ્તા |
| તા.૨૩મી માર્ચ, શનિવાર | : રાજવી ફૂડ કોર્નર, પ્રતિક મોલ, કૂડાસણ |
| તા.૨૪મી માર્ચ, રવિવાર | : એસબીઆઈ બેંક પાસે, વાવોલ |
| તા.૨૫મી માર્ચ, સોમવાર | : બેંક ઓફ ઇન્ડિયા પાસે, ઇન્ફોસીટી |
| તા.૨૬મી માર્ચ, મંગળવાર | : પેથાપુર ચાર રસ્તા, પેથાપુર |
| તા.૨૭મી માર્ચ, બુધવાર | : સૌરાષ્ટ્ર ફરસાણ સામે, સેક્ટર - ૨૧ |



# ‘તમારું એટીએમ કાર્ડ બંધ થઈ જશે’ કહીને ચીટરે ૪૦ હજારનો ચુનો લગાવ્યો

## ચિલોડાની મહિલા બેંક ખાતેદારને ફોન કરીને ચિટરે ઓનકોલ ફ્રોડ કર્યુ : સાયબર ક્રાઈમમાં ફરિયાદ

ગાંધીનગર, તા.૧૭

એટીએમ મેનેજર તરીકેની ઓળખ આપીને બેંક ખાતેદારોને મોબાઈલ કોલ પર વિશ્વાસમાં લઈ ઓટીપી નંબર મેળવીને તેના ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતી ગેંગનો આતંક વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર નજીકના ચિલોડા વિસ્તારની વધુ એક મહિલા આ ગેંગના સુત્રધારનો ભોગ બની હોવાનું ધ્યાને આવ્યું છે. બેંક ખાતામાંથી રૂ. ૪૦ હજાર ઉપડી જતા મહિલાએ આ મામલે ગાંધીનગર એલસીબી ખાતેની સાયબર ક્રાઈમમાં અરજી આપી છે. આ મામલે સાયબર ક્રાઈમની ટીમે ઊંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા ખાતે જનકપુરી સોસાયટીમાં રહેતા દિલીપભાઈ પટેલ ખેતીના ઓજારો બનાવવાનો વ્યવસાય કરે છે. તેમની પત્નિ ધર્મિષ્ઠાબેન ગૃહિણી છે. ધર્મિષ્ઠાબેનના બેંક ખાતામાંથી ચિટરે ઓનકોલ રૂ. ૪૦ હજાર ઉપાડી લઈ છેતરપીંડી આચરી છે. આજે બપોરે ધર્મિષ્ઠાબેનના મોબાઈલ ઉપર એટીએમ મેનેજરના નામે કોઈનો ફોન આવ્યો હતો. તમારુ એટીએમ કાર્ડ બંધ થઈ જશે એટીએમ કાર્ડની વિગતો આપો તો ચાલુ રહેશે તેમ કહીને ધર્મિષ્ઠાબેનને વિશ્વાસમાં લઈ એટીએમ કાર્ડનો નંબર મેળવી લીધો હતો. ચાલુ મોબાઈલે જ નંબર નોટ કરીને ચિટરે તેમના મોબાઈલમાં આવેલો ઓટીપી નંબર માંગ્યો હતો ઓટીપી નંબર મેળવી લીધા બાદ કોલ કટ કરી નાંખ્યો હતો. થોડીવારમાં ધર્મિષ્ઠાબેનના મોબાઈલમાં મેસેજ આવ્યો કે તેમના બેંક ખાતામાંથી રૂ. ૪૦ હજાર ઉપડી ગયા છે. પછીથી તેમને ખ્યાલ આવ્યો કે તેઓ ચિટર ગેંગનો શિકાર બની ગયા છે. આ મામલે મહિલાએ ગાંધીનગર એલસીબી હસ્તકની સાયબર ક્રાઈમની કચેરીમાં અરજી આપતા સાયબર ટીમે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# સલામત સવારીમાં વિકલાંગોને આરક્ષિત સીટ નસીબ થતી નથી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા બસની કુલ સીટમાંથી અમુક સીટને આરક્ષિત રખાય છે. જેમાં વિકલાંગો, વૃધ્ધો, મહિલાઓ, સગર્ભા મહિલા માટે સીટ આરક્ષિત હોય છે. શહેરના રહેવાસીઓના કહેવા પ્રમાણે આરક્ષિત સીટ ઉપર તેમને બેસવા દેવામાં આવતા નથી તથા ઓનલાઈન રિઝર્વેશનની પધ્ધતિમાં તો રીઝર્વ સીટનું પણ રીઝર્વેશન આપી દેવામાં આવે છે.

ગાંધીનગરથી ગુજરાતના દરેક ગામમાં ફરતી એસ.ટી. બસમાં વૃધ્ધો, મહિલાઓ, સગર્ભા મહિલાઓ તથા વિકલાંગો માટે અમુક સીટ આરક્ષિત આપવામાં આવે છે. જેથી ગમે તેટલી ભીડ ભાડમાં તેમને બસમાં મુસાફરી કરતા તકલીફ ન પડે પરંતુ હાલના દિવસોમાં રિઝર્વ સીટ પર વિકલાંગોને બસેવા દેવામાં આવતા નથી. જાહેર જનતા એ સીટમાં બેસે તો છે જ પરંતુ તેઓ વિકલાંગ, વૃધ્ધ કે સગર્ભા મહિલાને જોવે અને તે આરક્ષિત સીટ પર બેસી રહે છે જેના કારણે વૃધ્ધો, મહિલાઓ અને ખાસ કરીને વિકલાંગોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. માનવતાના કિસ્સા જે પહેલા સંભળાતા તે હવે સાંભળવા તો નથી મળતા પણ માનવતા રહી નથી તે આ વાત પરથી જાણવા મળી રહ્યું છે. ઓનલાઈન રજીસ્ટ્રેશનના ઉપયોગથી સ્થિતિ વધુ કપરી બની છે કે જેમાં આરક્ષિત સીટોના વિકલ્પ જ ન મળતા લાંબા રૂટની મુસાફરી કરનારને આરક્ષિત સીટોમાં રીઝર્વેશન થઈ જાય છે અને સામાન્ય વ્યકિતઓ જેમને રીઝર્વેશન આરક્ષિત સીટમાં મળ્યું છે તે અને આરક્ષિત વર્ગની વ્યકિતઓ બંને વચ્ચે બોલાચાલીની પરિસ્થિતિ ઉભી થાય છે. આરક્ષિત વર્ગના દરેક દ્વારા આ અંગે કંઈક પગલા લેવા માંગ ઉઠવા પામી છે.

# રાંધેજા ગામેથી ૬ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામે મહુડીયાવાળા તળાવમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ જુગારીઓને કુલ રૂ.૪૬,૨૦૦ નો મુદ્દામાલ સાથે પેથાપુર પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસ મથકના એએસઆઈ હર્ષરાજસિંહ દિલિપસિંહ, અ.હે. કો. અમૃતભાઈ જીવણભાઈ, અ. પો. કો. ગોંવિદસિંહ દિપસિંહ, અ. લો. સંજયસિંહ ઘનશ્યામસિંહ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન અ.હે.કો અમૃતભાઈ જીવણભાઈ તથા સર્વેલન્સ સ્ટાફના માણસોને સંયુકત ખાનગી રાહે બાતમી મળી હતી કે રાંધેજા ગામમાં આવેલા મહુડીયા તળાવમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પાના પત્તાનો જુગાર રમતા હોવાનુ જણાતા રેઈડ કરતા ગંધર ઉદયવાન ઠાકુર, માનવેન્દ્રસીંગ ગોવિંદસીગ રાજપૂત, રામકિશોર ફુલસહાય રાજપૂત, દિપન્દ્ર લક્ષ્મણભાઈ કુશવાહ અને દિપક શબ્દીપાસસીંગ યાદવ તમામ રહે.અમદાવાદ ની અંગ ઝડતીમાંથી રોકડ રકમ રૂ.૧૯,૦૫૦,ગંજીપાના, મોબાઈલ નંગ-૬ કિ.૧૦, ૫૦૦



તેમજ એક સીએનજી રીક્ષા નં.જી.જે.૨૭.યુ.૪૫૬૬ કિ.રૂ.૧૫૦૦૦ મળી કુલ કિ.રૂ.૪૬,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

### ડાકોર ભકિત માર્ગ પગપાળા યાત્રાળુઓ માટે સેવા કેન્દ્ર

ગાંધીનગર, તા.૧૭

ફાગણી પૂનમ આવી રહી છે ને ભકતો ડાગોર પગપાળા જઈ રહ્યા છે. આકાશ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મહુધા-અલીણા-ડાકોર ભકિત માર્ગે ‘કદમ છાયા’ સેવા સંકુલમાં સેવા કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું છે. જયાં જલસેવા તથા ટોપી વિતરણ કરવામાં આવી રહ્યું છે. મીયાપુર-અલીયા, સરદારપુરા તથા જાળીયા ગામના યુવાનો પણ સેવા કેન્દ્રમાં સહભાગી બન્યા છે.

### ચિરવિદાય

- સ્વ. પશીબેન ગોરાજી ઠાકોર, ઉ.વ. ૮૫
- સ્વ. સોલંકી ભાવીકા રાજેશ, ઉ.વ. ૧૯
- સ્વ. ઈન્દર કાન્તા સુરી, ઉ.વ. ૮૯
- સ્વ. ચિમનલાલ હિંમતલાલ વ્યાસ, ઉ.વ. ૭૭
- સ્વ. ઠાકોર દલપતજી મણાજી, ઉ.વ. ૫૦

# સિવિલમાં ૨૦ સ્ટ્રીટ લાઈટના અજવાળાથી કેમ્પસ ઝળહળી ઉઠશે


## સ્ટ્રીટ લાઈટમાં ૪૦ વોટની એલઈડી લાઈટ ફીટ કરવામાં આવી હોવાથી વધુ પ્રકાશ પથરાશે અને વિજબિલમાં પણ લાભદાયી નિવડશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેર સિવિલ કેમ્પસમાં કેટલાક સ્થળો પર રાત્રીના સમયે અંધકાર છવાયેલો રહેતો હતો. જેના સ્થાને તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટ ફીટ કરવામાં આવતા હવે આ વિસ્તાર પણ રોશનીથી ઝળહળી ઉઠશે. સિવિલ કેમ્પસમાં ૪૦ વોટની ૨૦ એલઈડી સ્ટ્રીટ લાઈટ નવીન ફીટ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થતા દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. જેને પગલે સિવિલ હોસ્પિટલ રાત દિવસ ધમધમતી રહે છે. સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના સારવાર માટે આવે છે. તાવથી માંડીને ડાયાલિસીસ સુધીની સારવાર મળી રહે છે. સિવિલ કેમ્પસ વિસ્તારમાં રાત્રીના સમયે ૬૦૦ બેડની પાછળની સાઈડ, ડ્રાઈવર રૂમ પાસે તેમજ અન્ય કેટલોક વિસ્તાર અંધકારમાં છવાયેલો રહેતો હતો. જેને પગલે રાત્રીના સમયે દર્દીઓ તેમજ સ્નેહીજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. જયારે ૬૦૦ બેડની પાછળ તો પાર્કીંગ હોવાથી સતત અવર જવર રહેતી હોવાથી મુલાકાતીઓને અંધકારને પગલે ભારે પરેશાની વેઠવી પડતી હતી.

તો બીજીતરફ અંધકારનો લાભ લઈ વાહનચોર પણ સક્રિય થતા બાઈક ચોરીના બનાવો બનતા હતા. ત્યારે સિવિલ તંત્ર દ્વારા રાત્રીના સમયે અંધકાર હોય તેવા સ્થાનો નક્કી કરીને સ્ટ્રીટ લાઈટ ફીટ કરવાનું શરુ કર્યુ છે. અત્યાર સુધી ૧૦ સ્ટ્રીટ લાઈટ નવિન નંખાઈ ચુકી છે. આગામી દિવસમાં અન્ય ૧૦ જેટલી એલઈડી લાઈટ ફીટ કરવામાં આવતા સમગ્ર કેમ્પસમાં ઝળહળી ઉઠશે. ૬૦૦ બેડની પાછળના ભાગે તેમજ તાત્કાલીક વિભાગની બાજુમાં સહિતના સ્થાનો પર એલઈડી લાઈટના ઓજસ પથરાશે. ત્યારે સ્ટ્રીટ લાઈટમાં ૪૦ વોટની એલઈડી લાઈટ ફીટ કરવામાં આવી હોવાથી વધુ પ્રકાશ પથરાશે અને વિજબિલમાં પણ લાભદાયી નિવડશે.



ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગ ઘ માર્ગ પર ૨૨-૨૩ ક્રોસ રોડ પર બપોરના સુમારે માર્ગ પરથી પસાર થઈ રહેલી કાર ચાલકે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર માર્ગની બાજુમાં ડીવાઈડર પર ધસી ગઈ હતી. આ અકસ્માતમાં કારના આગળના ભાગનો ભુક્કો બોલાઈ ગયો હતો. જો કે સદનસીબે આ બનાવમાં કોઈને ઈજા પહોંચી ન હોતી. અકસ્માતના બનાવને પગેલ તંત્ર દ્વારા ગતિ નિયમન યોગ્ય રીતે જળવાય તે જરુરી બન્યું છે.

**દેહદાન શ્રેષ્ઠ દાન ચક્ષુદાન મહાદાન**

# નજર સામે દેખાઈ રહેલા જળસંકટને અવગણવું કેટલું વ્યાજબી??

## ગત વર્ષે ચોમાસામાં થયેલ ‘અલ્પવૃષ્ટિ’ના પગલે આવનાર ઉનાળો આકરો પડવાનો છે તે સ્પષ્ટ જણાય છે : યુધ્ધની સ્થિતિની જેમ ‘જળસંકટ’ની સ્થિતિને પહોંચી વળવા શું આપણી જીવનશૈલી થોડી બદલી ના શકીએ??

ગાંધીનગર, તા.૧૭

‘આજના છોડેંગે બસ હમજોલી ખેલેંગે હમ હોલી ચાહે ભીગે રે તેરી ચુનરિયાં, ચાહે ભીગે રે ચોલી...’, ‘રંગ બરસે ભીગે ચુનરવાલી રંગ બરસે...’ હિન્દી ફિલ્મોમાં શરૂઆતથી જ હોળીના તહેવારને અનુલક્ષીને અનેક સુપરહીટ ગીતોના સર્જન થયા છે જેમાં મોટે ભાગે નાયક દ્વારા નાયિકાને રંગ અને પાણીથી પલાળવાની વાત સંકળાયેલી હોય છે. બીજી તરફ આજના યુગમાં વિશ્વ જે ઝડપથી જળસંકટ તરફ ધસી રહ્યું છે તેને અનુલક્ષીને પર્યાવરણવાદીઓ દ્વારા હોળી ધુળેટીના તહેવારે પાણીના વેડફાટ અંગે ચિંતા વ્યકત કરવામાં આવે છે અને ‘તિલક હોળી’ અથવા ‘સુકી હોળી’ જેવા વિકલ્પો અપનાવવા સલાહ આપવામાં આવે છે.જો કે અહીં વાત માત્ર હોળી-ધુળેટીના તહેવારે થતાં પાણીના બેફામ બગાડની નથી પરંતુ રોજીંદા જીવનમાં રોજબરોજની નાની-મોટી ટેવો સુધારીને પણ પાણીનો ઘણો બચાવ કરી શકાય છે તે પ્રત્યે જાગૃતિ કેળવવાનો છે, આમાં પણ જેમ યુધ્ધના સમયે રાષ્ટ્રરક્ષા માટે નાગરિકોએ પોતાની જીવનશૈલીમાં અમુક ફેરફાર કરવો જરુરી બને છે તેમ જ જયારે ‘અલ્પ’ વરસાદના કારણે નજર સામે જયારે દેખીતું ‘જળસંકટ’ તોળાઈ રહ્યું હોય ત્યારે પાણીનો બગાડ કરવો કેટલો વ્યાજબી ગણાય??




વર્ષ ૧૯૯૨માં યોજાયેલા સંયુકત રાષ્ટ્ર સંમેલનનો વિષય ‘પર્યાવરણ તથા વિકાસ’ હતો જેમાં દર વર્ષે ૨૨મી માર્ચને ‘વિશ્વ જળ દિવસ’ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જોગાનું જોગ ‘વિશ્વ જળ દિવસ’ હોળીના તહેવારની આસપાસમાં જ આવે છે. જેમ કે આ વર્ષે ધુળેટીના બીજા દિવસે છે. જે રીતે દરેક તહેવારની ઉજવણી હવે ‘પાર્ટી કલ્ચર’માં પરિવર્તિત થઈ રહી છે તે જ પ્રમાણે હોળીના તહેવારને અનુલક્ષીને ઠેર ઠેર ‘રેઈન ડાન્સ’ અને ‘ટોમાટીનો’ જેવા પાર્ટીઓના આયોજન કરવામાં આવે છે જેમાં પાણીનો






બેફામ બગાડ થતો હોય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાત માટે વર્ષ ૨૦૧૮નું ચોમાસું કદાચ સૌથી નબળું ચોમાસું રહ્યું છે. ૨૦૧૭માં બનાસકાંઠા સહિત રાજયના કેટલાક ભાગોમાં થયેલી અતિવૃષ્ટિને અનુલક્ષીને રાજય સરકારે જળસંચય અભિયાન છેડી ચોમાસાના પાણીને સંગ્રહ કરવાની નેમ રાખી હતી પરંતુ કમનસીબે ૨૦૧૮નું ચોમાસું અત્યંત નબળું નીવડતા તેમાં ઝાઝી સફળતા પ્રાપ્ત ના થઈ શકી. આપણે હજુ પણ ચોમાસા આધારિત જીવન વ્યવસ્થામાંથી બહાર આવી શકયા નથી તેથી ‘અલ્પ વૃષ્ટિ’ના કારણે આગામી ઉનાળામાં રાજયમાં જે પરિસ્થિતિ સર્જાવાની છે તેના એંધાણ અત્યારથી જ મળી રહ્યા છે જેમાં રાજયના મોટાભાગના તળાવો-નદીઓ સુકાઈ ગયા છે અને બંધોમાં તળીયા દેખાવા લાગ્યા છે એટલે સુધી કે આ વર્ષે નર્મદા પરના ડેમ સરદાર સરોવરમાં પણ ચિંતાજનક હદે પાણીનું સ્તર ઓછું છે.

આજે પણ રાજયમાં કેટલાક ભાગોમાં એક ઘડા પાણી માટે મહિલાઓને માઈલો સુધી ચાલવું પડે છે અને પાણીનું ટેન્કર આવતા મારામારીના દશ્યો સર્જાય તેવી પરિસ્થિતિ જોવા મળે છે ત્યારે દરવાજે આવીને ઉભેલા કાળઝાળ ઉનાળામાં પરિસ્થિતિ યુધ્ધ જેવી જ વિકટ બનવાની છે તે સ્પષ્ટ જણાય છે. આ પરિસ્થિતિમાં યુધ્ધની સ્થિતિની જેમ જ નાગરિકોએ રોજીંદા જીવનની કેટલીક ટેવ બદલવી અત્યંત જરુરી છે. મહારાષ્ટ્રના પૂણે ખાતે એક હોટલ દ્વારા ગ્રાહકો દ્વારા પીવાના પાણીનો બગાડ થતો જોઈ વેઈટરોને અડધો ગ્લાસ પાણી પીરસવાની સૂચના આપવામાં આવી છે. આ જ પૂણેમાં એક શાળામાં નવતર પ્રયોગરૂપે શાળા સંકુલના દરવાજે એક પીપડું મુકવામાં આવ્યું છે. જેમાં શાળા છુટી જાય ત્યારે ઘરે જતી વખતે બાળકો પોતાની વોટરબેગનું વધેલું પાણી રેડીને જાય છે અને આ પાણી એટલું એકઠું થાય છે કે તેનાથી શાળા સંકુલના બગીચા તથા તમામ વૃક્ષો માટે તે પુરતું થઈ રહે છે. કયાંક બાયોયુરિનલ્સ જેમાં લઘુશંકા પછી પાણી રેડવાની જરૂર ના પડે તેવો પ્રયોગ પણ સાંભળવા મળ્યો હતો પરંતુ હજુ તેને વાસ્તવિકતામાં લાવવા માટે રાહ જોવી પડશે પરંતુ હવે ‘પડીકે વેચાતા પીવાના પાણી’ થી માંડીને આપણી કેટલીક જરૂરિયાતના કામોમાં માત્ર ‘પધ્ધતિ’ બદલી પાણી બચાવવાની ટેવ પાળવી અત્યંત આવશ્યક બનશે.

એક અંદાજ મુજબ એક સામાન્ય મધ્યમવર્ગીય પરિવાર ધારે તો તેના વપરાશમાંથી ૩૦૦ લીટર જેટલું પાણી બચાવી શકે છે. જેમ કે ટૉયલેટમાં ફલશનો ઉપયોગ વિવકપૂર્વક કરીને આશરે ૧૪ થી ૫ લીટર, કપડાં ધોતી વખતે નળ જરુર મુજબ ચાલુ કરીને આશરે ૮૦ લીટર, દાઢી બનાવતી વખતે ૧ લીટર, ટુથબ્રશ કરતી વખતે ૫ થી ૬ લીટર, ગાડી ધોવાનું ટાળીને ૮૦ લીટર, બગીચામાં પાણીની પાઈપ સતત વહેતી રાખવાને બદલે ‘સ્પ્રિંકલર’નો ઉપયોગ કરીને ૭૦ થી ૮૦ લીટર પાણી બચાવી શકાય છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે ‘મારે જો એક લોટો પાણીની જરૂર હોય તો હું તેટલુંજ લઈશ પછી ભલેને આખી સાબરમતી વહી જતી હોય.’ શું આવનારા ઉનાળામાં આપણા માથે તોળાઈ રહેલા જળસંકટને અનુલક્ષીને આપણે પણ આ ભાવના ના કેળવી શકીએ??

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com